મેઘતાંડવની માઠી અસર | વરસાદે મચાવેલી તારાજી બાદ મામલતદાર અને પાલિકાની ટીમો મેદાનમાં ઉતરી

પેટલાદમાં જૂના શહેરના ૨૨ મકાનો ધરાશાયી, વળતર માટે સર્વે શરૂ

નિયમ મુજબ મહત્તમ ૧.૮૦ લાખ સુધીની સહાય મળશે

(પ્રતિનિધિ) પેટલાદ તા.૫

પેટલાદમાં ભારે વરસાદના કારણે શહેરના ગામતળમાં અનેક સ્થળોએ મકાનો પડી જવાની ઘટનાઓ સામે આવી છે. છેલ્લા 12 દિવસમાં 22 જેટલા મકાનો ધરાશાયી થઈ ગયા છે. જેના સર્વેની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. જે લોકોના મકાનો ધરાશાયી થયા છે તેઓને સરકારના નિયમો તથા ધારાધોરણ મુજબ વળતર મળવાપાત્ર રહેશે.

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

પ્રાપ્ત માહિતી મુજબ પેટલાદમાં ગત અઠવાડીયે 9 ઈંચથી વધુ વરસાદ થયો હતો. શહેરમાં દર વર્ષના સરેરાશ જેટલો વરસાદ થઈ ચુક્યો છે. સતત વરસાદના કારણે સોસાયટી વિસ્તારો તથા મુખ્ય રાજમાર્ગો ઉપર પાણી ભરાઈ ગયા હતા. જો કે શહેરના કેટલાક વિસ્તારો અને સેવાસદન પાસે આજે પણ ભરાયેલ પાણી જોવા મળે છે. જેનો નિકાલ કરવાની કામગીરી પાલિકા દ્વારા કરવામાં આવી રહી છે. બીજી તરફ ભારે વરસાદના કારણે શહેરના ગામતળ વિસ્તારોની અનેક શેરીઓમાં 22 જેટલા મકાનો ધરાશાયી થઈ ગયા છે. આવા પડી ગયેલ મકાનોનો કાટમાળ, સામાન અને ઘરવખરી ખસેડવામાં નગરપાલિકાની ટીમો કાર્યરત જોવા મળી હતી. આ 22 પૈકી કેટલાક મકાનો બિલકુલ જમીનદોસ્ત થઈ ગયેલ છે. જ્યારે કેટલાક મકાનોની દિવાલો, પતરાં કે થોડો ભાગ પડી ગયેલ હોવાનું જાણવા મળે છે.

આ તમામ મકાનોનો સર્વે આજથી શરૂ કરવામાં આવેલ છે. પેટલાદ મામલતદારની ટીમ તથા પાલિકાના એન્જીનીયર સહિતના લોકોએ સ્થળ તપાસ અને સર્વે કર્યું હતું. જે અંગે પાલિકાના એન્જીનીયર દેવાયત કામળીયાએ જણાવ્યું હતું કે સરકારના નિતી નિયમો મુજબ જે મકાનને 15 ટકાથી ઓછું નુકશાન થયું હોય તેઓને વળતર મળવા પાત્ર નથી. જ્યારે 15 થી 30 ટકા નુકશાન પેટે રૂ.6500, 30 થી 70 ટકા નુકશાન પેટે રૂ.90000 તથા સો ટકા નુકશાની પેટે રૂ.180000 મહત્તમ રકમ મળવાપાત્ર હોય છે. શહેરના ગામતળમાં આવેલ જવાહર શેરી, દરજીનો ખાંચો, વ્યાસ વાડા, હનુમાન ફળીયું, દેસાઈ શેરી, નવાપુરા, કલાલ પીપળ, લીંબાકુઈ, આંજણા વાડ, દેવકુવા, નાગરકુવા, ભોઈવાડા, નારીયાપાડા, મોટા ફળીયા વગેરે સ્થળોએ મકાનો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવી છે.

કોર્પોરેટર ભૂમિબેન બ્રહ્મભટ્ટ, નૈનેશ પટેલ અને ઇશિત પટેલે નિર્ણય જાહેર કર્યો

નડિયાદ મનપાના મેયર સહિત ત્રણ કોર્પોરેટરે ભથ્થાં - સુવિધા જતાં કર્યાં

ભથ્થાંની રકમ હવે શહેરના વિકાસ કાર્યોમાં વપરાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

નડિયાદ મહાનગરપાલિકામાં સેવાભાવના અને પારદર્શકતાનો એક નવો અધ્યાય શરૂ થયો છે. મેયર મનીષ પટેલે સરકારી ગાડી અને માનદ વેતનનો ત્યાગ કર્યા બાદ, હવે તેમના માર્ગદર્શન હેઠળ અન્ય ત્રણ કોર્પોરેટરોએ પણ નિઃસ્વાર્થ ભાવે જનસેવા કરવા માટે તમામ સરકારી આર્થિક લાભોનો ત્યાગ કરવાની ઐતિહાસિક જાહેરાત કરી છે.

'સત્તા નહીં, સેવા મુખ્ય' - રાજકીય સંસ્કૃતિમાં નૈતિક પરિવર્તન સામાન્ય રીતે રાજકીય



પદો સાથે મળતી સુવિધાઓ અને ભથ્થાં માટે ખેંચતાણ જોવા મળતી હોય છે, પરંતુ નડિયાદના આ જનપ્રતિનિધિઓએ જાહેર જીવનમાં સાદગીનું દુર્લભ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ નિર્ણયથી મહાનગરપાલિકાની તિજોરી પર પડતો આર્થિક બોજ ઘટશે, જે રકમનો સીધો ઉપયોગ શહેરના પાયાના વિકાસ કામો અને જનહિત માટે કરવામાં આવશે. માત્ર વાતો કરવાને બદલે પ્રત્યક્ષ અમલ કરીને આ નેતાઓએ જવાબદાર શાસનનું પ્રતીક પૂરું પાડ્યું છે, જેની સમગ્ર શહેરમાં વ્યાપક પ્રશંસા થઈ રહી છે. આ પહેલ આગામી સમયમાં અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

ઠાસરામાં પ્લોટ ફાળવણીમાં તંત્રનીમિલીભગતઉઘાડીપડી

સરકારી કર્મીના પુત્રને પ્લોટની લહાણીમાં ૨૨ મહિનાથી કાર્યવાહીના નામે 'મીંડું'

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

ઠાસરાના વલ્લવપુરામાં પ્લોટ સહાય યોજના હેઠળ વ્યાપક ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપ છે. ગામના એક સરકારી કર્મચારીના પુત્ર, જેની પાસે અગાઉથી જ પાકું મકાન અને ખેતીલાયક જમીન છે, તેને નિયમ વિરુદ્ધ રહેણાંક પ્લોટની ફાળવણી કરી દેવામાં આવી છે. આ અપાત્ર લાભાર્થીએ પ્લોટ પર ગેરકાયદેસર દબાણ પણ કરી દીધું છે. દબાણકર્તાએ ૦૯/૧૦/૨૦૨૪ ના રોજ ગ્રામ પંચાયતમાં લેખિત બાંહેધરી આપી હતી કે તેઓ માપણીનું અધિકૃત પ્રમાણપત્ર રજૂ કરશે અને ત્યાં સુધી નવું બાંધકામ નહીં કરે. જોકે, લાંબો સમય વીતવા છતાં કોઈ પ્રમાણપત્ર રજૂ કરાયું નથી અને પંચાયત આ બાબતે ભેદી મૌન સેવી રહી છે. તલાટીની વિરોધાભાસી કબૂલાત અને વાયરલ વીડિયો અરજદારને અગાઉ તલાટી દ્વારા ત્રણ નોટિસ આપ્યાની ખોટી માહિતી અપાઈ હતી, પરંતુ વાસ્તવમાં માત્ર બે જ નોટિસ અપાઈ હોવાનું ખુદ તલાટીએ સ્વીકાર્યું છે. તાજેતરમાં વાયરલ થયેલા એક વીડિયોમાં પંચાયતના અધિકારીઓ અરજદારના સવાલોના સંતોષકારક જવાબ આપી શકતા નથી, જે તેમની કામગીરીની પારદર્શકતા સામે સવાલો ઉભા કરે છે. સરકારી કર્મચારીના દબાણ કે લાલચમાં આવીને તંત્ર દબાણકર્તાને બચાવી રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

આણંદ જિલ્લામાં બિન મહેસૂલી કામગીરીનો બહિષ્કાર યથાવત : અરજદારોને હાલાકી

તલાટી કમ મંત્રીઓની માંગણીનો હકારાત્મક ઉકેલ નહીં આવતા ખેડૂતો અને ગ્રામ્ય અરજદારોના કામો ખોરંભે

(પ્રતિનિધિ) આણંદ તા.૫

આણંદ જિલ્લામાં અંદાજે ૩૫૦ ગામોમાં ફરજ બજાવતા લગભગ ૨૯૦ તલાટી કમ મંત્રીઓએ ગત તા. ૩ જુલાઈથી શરૂ કરેલા બિન મહેસૂલી કામગીરીના બહિષ્કારને એક મહિનો પૂર્ણ થયો છે. તેમ છતાં રાજ્ય સરકાર તરફથી તલાટી કમ મંત્રીઓની માંગણીઓ અંગે કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી. પરિણામે ખેડૂતો, સામાન્ય નાગરિકો અને ગ્રામ્ય વિસ્તારના અરજદારોના અનેક કામો અટવાઈ જતાં વ્યાપક મુશ્કેલીઓ ઊભી થઈ છે.

વર્ષોથી પડતર રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે તલાટી કમ મંત્રીઓએ મહેસૂલી કામગીરી સિવાયની તમામ સંલગ્ન કામગીરીનો બહિષ્કાર યથાવત રાખ્યો છે. હડતાળને કારણે ગ્રામ પંચાયત કચેરીઓમાં રોજબરોજ આવતા અરજદારોને નિરાશા સાથે પરત ફરવું પડી રહ્યું છે.

એક માસથી ચાલી રહેલા બહિષ્કારના કારણે પેઢીનામા, વારસાઈ નોંધ, ખેતી વિભાજન, હકપત્રક, જમીન સુધારણા, બોજા નોંધ, પાણી પત્રક, આવાસ યોજના, પર્યાવરણ સંબંધિત કામગીરી, ગ્રામસભા, ચારા કાર્ડ, ઈ-કેવાયસી, રેશનકાર્ડ તેમજ વિવિધ પ્રકારના પ્રમાણપત્રોની પ્રક્રિયા અસરગ્રસ્ત બની છે. ગ્રામ વિકાસ સંદર્ભેના અનેક કામો પણ અટવાઈ ગયા હોવાનું જાણવા મળે છે.

અરજદારોમાં સૌથી વધુ ચિંતા ખેડૂતોમાં જોવા મળી રહી છે. જમીનના દાખલા, પેઢીનામા અને ખેતી સંબંધિત દસ્તાવેજો સમયસર ન મળતા ખેતી, પાક લોન, સહાય યોજનાઓ અને અન્ય સરકારી પ્રક્રિયાઓમાં વિલંબ થઈ રહ્યો છે. કેટલાક ખેડૂતોએ જણાવ્યું હતું કે દસ્તાવેજો વગર બેંકિંગ તથા સહાય સંબંધિત કામગીરી આગળ વધી શકતી નથી.

મહિનાથી અટકેલા કામો ક્યારે પૂર્ણ થશે તે અંગે પણ અરજદારો અવઢવની સ્થિતિ અનુભવી રહ્યા છે. ગ્રામ પંચાયત કચેરીઓએ વારંવાર ચક્કર લગાવ્યા છતાં સ્પષ્ટ જવાબ ન મળતા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

આણંદ જિલ્લા તલાટી કમ મંત્રી મંડળે જણાવ્યું છે કે સરકાર દ્વારા પ્રશ્નોનું યોગ્ય અને સંતોષકારક નિરાકરણ લાવવામાં નહીં આવે ત્યાં સુધી રાજ્ય મહામંડળના આદેશ અનુસાર બિન મહેસૂલી કામગીરીનો બહિષ્કાર યથાવત રાખવામાં આવશે. હવે સરકાર અને તલાટી સંગઠન વચ્ચેની ચર્ચા ક્યારે આગળ વધે અને ગ્રામ્ય વહીવટની કામગીરી ક્યારે સામાન્ય બને તે તરફ જિલ્લાભરના લોકોની નજર મંડાઈ છે.

કપડવંજ પંથકમાં તલાટીની હડતાલના ઉકેલ લાવવા માંગ

કપડવંજ સરપંચ એસોસિએશને પ્રાંત અધિકારીને આવેદન પાઠવ્યું

(પ્રતિનિધિ) કપડવંજ તા.૫

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી તલાટી કમ મંત્રીઓની હડતાલને કારણે ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી સંપૂર્ણપણે પ્રભાવિત થઈ છે. આ હડતાલના કારણે સામાન્ય નાગરિકો અને ખેડૂતોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે કપડવંજ સરપંચ એસોસિએશન દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

સ્ત્રોત અનુસાર, ખેડા જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની હડતાલને કારણે ગ્રામજનોને વિવિધ પ્રકારના સરકારી દાખલાઓ મેળવવામાં તેમજ રેવન્યુ વિભાગને લગતી કામગીરીમાં મોટો વિક્ષેપ ઊભો થયો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો અને સામાન્ય નાગરિકોને જરૂરી પ્રમાણપત્રો ન મળવાને કારણે સમયનો બગાડ અને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

આ વિકટ પરિસ્થિતિનું નિવારણ લાવવા માટે કપડવંજ સરપંચ એસોસિએશનના પ્રમુખ અને સદસ્યો મેદાને આવ્યા છે. તેઓએ પ્રાંત અધિકારીને રૂબરૂ મળીને આવેદનપત્ર પાઠવ્યું છે અને વિનંતી કરી છે કે જનતાની હાલાકીને ધ્યાને રાખી આ સમસ્યાનું સત્વરે નિરાકરણ લાવવામાં આવે જેથી ગ્રામીણ સ્તરે અટકેલા કાર્યો ફરી શરૂ થઈ શકે. તેવી માગણી કરવામાં આવી હતી.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ચારુસેટમાં કારગિલ વિજય દિવસની ઉજવણી નિમિત્તે નિવૃત્ત કર્નલનું વ્યાખ્યાન યોજાયું

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના એનસીસી યુનિટ દ્વારા કારગિલ વિજય દિવસની ૨૭મી વર્ષગાંઠ નિમિત્તે 'Kargil War - Their Sacrifice, Our Inspiration' વિષય પર વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

મુખ્ય વક્તા નિવૃત્ત કર્નલ સુધીર પરાશરે વિદ્યાર્થીઓને કારગિલ યુદ્ધના અનુભવો, સૈનિકોની અદમ્ય શૌર્યગાથા અને રાષ્ટ્રસેવાના મૂલ્યો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ૨૨૦થી વધુ વિદ્યાર્થીઓ અને એનસીસી કેડેટ્સે સૈન્ય જીવન અને નેતૃત્વ અંગે સંવાદ કરી દેશભક્તિના પાઠ શીખ્યા હતાં. આ કાર્યક્રમના અંતે શહીદ જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

નડિયાદ તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં સંતરામ વિદ્યાલયની બંને શાળાઓ વિજેતા બન્યાં

નડિયાદ | નડિયાદના મરીડા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે તાજેતરમાં SGFI U-17 તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સંતરામ કેળવણી મંડળ સંચાલિત સંતરામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને ઇંગ્લિશ મીડીયમની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાનદાર રમતનું પ્રદર્શન કરી કબડ્ડી ભાઈઓની (U-17) શ્રેણીમાં બંને શાળાઓ સંયુક્ત રીતે પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઈ છે. તાલુકા કક્ષાએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવા બદલ વિદ્યાલય પરિવાર તરફથી તમામ વિજેતા ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

નડિયાદમાં 'બેટી બચાવો, બેટી પઢાઓ' અંતર્ગત નારી વંદન સપ્તાહની ઉજવણી કરાઇ

નડિયાદ | ખેડા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા નડિયાદ ખાતે 'બેટી બચાવો, બેટી પઢાઓ' દિન નિમિત્તે જાગૃતિ તાલીમ અને ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે નિષ્ણાતો દ્વારા PCPNDT એક્ટ, માસિક ધર્મ સ્વચ્છતા, પોક્સો એક્ટ અને બાળકના પ્રથમ ૧૦૦૦ દિવસના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રતિભાશાળી દીકરીઓને 'એજ્યુકેશન કિટ' તથા 'વ્હાલી દીકરી કિટ'નું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ આયોજનનો મુખ્ય હેતુ દીકરીઓના જન્મ, શિક્ષણ અને સુરક્ષા પ્રત્યે સમાજમાં સકારાત્મક અભિગમ કેળવવાનો હતો.

ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સના માનદ મહામંત્રી પદે અમિત સોનીની નિમણૂક

નડિયાદ | નડિયાદના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ અમિત સોનીની ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ એસોસિએશનના માનદ મહામંત્રી તરીકે પ્રતિષ્ઠિત નિમણૂક કરવામાં આવી છે.

તેમની કાર્યકુશળતા અને સંગઠન પ્રત્યેની પ્રતિબદ્ધતાને ધ્યાને રાખી આ જવાબદારી સોંપાતા ટેક્સ કન્સલ્ટન્ટ્સ અને ઉદ્યોગજગતમાં આનંદની લાગણી પ્રસરી છે. શુભેચ્છકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમના સક્ષમ નેતૃત્વ હેઠળ એસોસિએશન વધુ મજબૂત બનશે અને વિકાસના નવા શિખરો સર કરશે. આ પ્રસંગે વિવિધ સામાજિક અને વ્યાવસાયિક સંસ્થાઓના હોદ્દેદારોએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

નડિયાદ જિલ્લા પંચાયત ખાતે 'મહિલા નેતૃત્વ દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ

નડિયાદ | નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત નડિયાદ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'મહિલા નેતૃત્વ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પાંચ અગ્રેસર મહિલા સરપંચો, મેડલ વિજેતા રમતવીર દીકરી અને કૃષિ ક્ષેત્રની મહિલા અગ્રણીનું ટ્રોફીથી વિશેષ સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં બાલિકા પંચાયતની સરપંચો સાથે સંવાદ યોજાયો હતો, જેમાં દીકરીઓએ ગ્રામ વિકાસ અને સ્થાનિક સ્વરાજ્યમાં મહિલાની ભાગીદારી અંગે વિચારો રજૂ કર્યા હતા.

કપડવંજના આત્મા સમાન હરિલાલ દેસાઈની 99મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ સભા સંપન્ન

કપડવંજ | ગાંધીજીના રહસ્ય મંત્રી અને વિનોબા ભાવેના શિક્ષક હરિલાલ દેસાઈની યાદમાં કપડવંજની મહાજન લાઇબ્રેરી ખાતે ગરિમાપૂર્ણ સભા યોજાઈ હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ગોપાલભાઈ શાહ અને મંત્રી ઉદયભાઈ ત્રિવેદી સહિતના અગ્રણીઓએ હરિભાઈએ સ્થાપેલી વિવિધ સંસ્થાઓના ઐતિહાસિક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

કપડવંજને શૈક્ષણિક અને સામાજિક ચેતના આપનાર આ વિભૂતિને પત્રકારો અને શહેરના વિવિધ મહાનુભાવોએ ભાવપૂર્વક અંજલિ અર્પણ કરી હતી.108 વર્ષ જૂની મહાજન લાઇબ્રેરીને વધુ લોકભોગ્ય બનાવવા અને વાચકોની સંખ્યા વધારવા માટે નવીન યોજનાઓના સંકલ્પો લેવાયા હતાં.

કપડવંજના એસટી વર્કશોપ સંકુલમાં ૧૫૦ જેટલા રોપાઓનું વૃક્ષારોપણ કરાયું

કપડવંજ | કપડવંજ એસટી વર્કશોપ ખાતે વિભાગીય નિયામક અને વિવિધ ઉચ્ચ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડેપો મેનેજર સહિત વર્કશોપ અને બસ સ્ટેશનના કર્મચારીઓ તેમજ યુનિયનના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પર્યાવરણની જાળવણીના ઉમદા હેતુ સાથે એસટી સંકુલમાં વિવિધ પ્રકારના અંદાજે ૧૫૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. એસટી વિભાગના અધિકારીઓ અને સ્ટાફના સહિયારા પ્રયાસોથી હાથ ધરાયેલા આ હરિયાળા અભિયાનની સરાહના કરવામાં આવી રહી છે.

કપડવંજની સુણદા હાઇસ્કુલ ખાતે રાષ્ટ્રીય વાંચન દિવસની શાનદાર ઉજવણી કરાઇ

કપડવંજ | સુણદાની એચ.એમ.શાહ હાઇસ્કૂલમાં હેમંતભાઈ વણકરના મુખ્ય અતિથિપદે પુસ્તકોનું મહત્વ અને વાંચન પ્રેરણા અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પુસ્તક મારો મિત્ર વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ અને વિજેતાઓને પ્રોત્સાહિત કરાયા હતા.

સાંસ્કૃતિક સમિતિના કન્વીનર પારૂલબેન દેવમુરારીએ લાયબ્રેરીના ઉપયોગ અંગે માર્ગદર્શન આપી પોતાના સાહિત્યિક અનુભવો વહેંચ્યા હતા. આ કાર્યક્રમમાં સમર્પણ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું અને ઈનચાર્જ આચાર્ય કાંતિભાઈએ સમગ્ર કાર્યક્રમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

વલ્લભ વિદ્યાનગરમાં 'મહિલા સ્વાવલંબન દિવસ'ની ઉજવણી નિમિત્તે સન્માન કરાયું

આણંદ | વલ્લભ વિદ્યાનગરની નલિની આર્ટસ કોલેજ ખાતે જિલ્લા વહીવટી તંત્ર અને રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે 'મહિલા સ્વાવલંબન દિવસ' ઉજવાયો, જેમાં સફળ મહિલા સાહસિકોને ટ્રોફી અને તેજસ્વી દીકરીઓને 'એજ્યુકેશન કીટ' આપી સન્માનિત કરાયા હતા.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી નિલેશ્વરીબા ગોહિલ અને આચાર્ય ડો. બી. એમ. પરમારે મહિલાઓને આર્થિક રીતે સ્વનિર્ભર થવા અને સશક્તિકરણના મહત્વ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું આ કાર્યક્રમમાં વુમેન સેલના પ્રોફેસર સાધનાબેન પટેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તેમજ નોકરી ઈચ્છુક મહિલા ઉમેદવારો હાજર રહ્યા હતા.

આણંદ એલઆઈસી દ્વારા NOIW ના 58મા સ્થાપના દિવસની ઉજવણી કરાઇ

આણંદ | એલઆઈસી આણંદની 845 અને 83/A શાખા દ્વારા NOIW સંસ્થાના 58મા સ્થાપના દિન નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સ્ટાફ અને પેન્શનર્સ મિત્રોએ એકઠા થઈ એકબીજાને પુષ્પગુચ્છ આપીને સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાનો મુખ્ય હેતુ કર્મચારીઓનું કલ્યાણ અને દેશ હિતને મોખરે રાખી પ્રગતિ કરવાનો વ્યક્ત કરાયો હતો. તમામ સભ્યોએ સંસ્થાની ઉત્તરોત્તર સફળતા માટે અને સંનિષ્ઠાપૂર્વક આગળ વધવા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

આણંદમાં હૃદયના બ્લોકેજની તપાસ માટે ભારતની પ્રથમ નોન-ઇન્વેસિવ સેવા શરૂ

આણંદ | આણંદ સ્થિત FTTF LLP દ્વારા દેશની પ્રથમ ડિજિટલ રિપોર્ટિંગ સેવા શરૂ કરાઈ છે, જે દર્દીના જૂના એન્જિયોગ્રામ પરથી જ બ્લોકેજનું સચોટ વિશ્લેષણ કરે છે. આ સેવાની મદદથી 40 થી 80% બ્લોકેજ ધરાવતા દર્દીઓમાં સ્ટેન્ટની જરૂરિયાત છે કે નહીં તેનો વૈજ્ઞાનિક આધાર પર સ્પષ્ટ નિર્ણય લઈ શકાશે. કોઈ નવી પ્રોસિજર કે વધારાના જોખમ વગર આ રિપોર્ટ નજીવા ખર્ચે હોસ્પિટલો અથવા digitalffr.com પરથી ઓનલાઇન મેળવી શકાય છે. આધુનિક ટેકનોલોજી દ્વારા સામાન્ય પરિવારના દર્દીઓ પણ હવે ખર્ચાળ પ્રક્રિયાઓ વગર બ્લોકેજ વિશે સચોટ અને પ્રમાણિત માહિતી મેળવી શકશે.